૪૯૪૨

ओ३म्

गोरक्षा शतक.

રચનાર,

શ્રી જામનગર નિવાસી;

દુર્લભદાસ વિ. શ્યામજી ધ્રુવ.

ગુજરાત આર્ય ઔષધશાળાનો ઉપવૈદ્ય તથા સત્ય શોધક

મંડળીનો વ્યવસ્થાપક—અમદાવાદ.

અમદાવાદ 'ગોરક્ષણી' સભા તરફથી પ્રકટ કર્ત્તા.

પરીખ. ભાઈલાલ નગીનદાસ.

તથા

માણેકલાલ હીરાલાલ કાનુંગા.

અમદાવાદ—"વિજયપ્રવર્ત્તક" પ્રેસમાં છાપ્યું.

કિમ્મત અરધો આનો.

अर्पणपत्रिका.

પરમ શુભેચ્છક,

શ્રી મદ્રસેશ ધર્માચાર્ય.

મણિશંકર વિઠ્ઠલજી ભટ્ટ.

ગો બ્રાહ્મણ પ્રતિપાળ મહારાજાધિરાજ જામશ્રી વિભાજી બહાદૂરના તથા અન્ય રાજ્યોના રસવૈદ્ય.

આપ રક્ષકધર્મના આચાર્ય છો. પરસ્પરના નિવૃત્તિરૂપ સહવાસમાં અનુપમ આલ્હાદ જનક વિવેક ધરાવો છો. આ દેશનું શારીરબળ અને મનોબળ શી રીતે અભિવૃદ્ધિને પામે એના સંબન્ધમાં તન, મન તેમજ ધનથી નિરંતર વિચાર અને પ્રયત્ન કરો છો, એટલુંજ નહિ, પરંતુ આપ પણ પૂર્ણ પ્રેમથી **ગોપાળનને** ચતુર્વર્ગ સાચવવાનું સબળ સાધન માનો છો એમ સમજી, આ

गोरक्षा शतक.

નામના લઘુ પુસ્તકની પ્રથમાવૃત્તિ હું આપને, શિષ્ય ભાવનાનું રૂડું ચિન્હ દર્શાવવા સત્કારપૂર્વક અર્પણ કરૂં છું.

વસંત પંચમી.
તા. ૩—૨—૯૨
મુ. **અમદાવાદ.**

આજ્ઞાંકિત, દુર્લભદાસ વિ. શ્યામજી ધ્રુવ.

પ્રસ્તાવના.

આજકાલ કેટલાક માણસો ધાતુના સિક્કાઓનેજ દ્રવ્યરૂપે માને છે, તથાપિ એવી રીતે માનવું એ કેવળ ભૂલ ભરેલું છે. કેમકે ધાતુના સિક્કાઓ તો, હરકોઈ પદાર્થની આપ લે કરવામાં સ્હેલાઈ થવા માટે સમજુઓની સંમતિથી વપરાતા થયાછે, એથી કાંઈ ક્ષુધા તૃષાનું શમન કે અંગનું રક્ષણ થતું નથી. અર્થશાસ્ત્રના નિયમ પ્રમાણે દ્રવ્યાદિક પદાર્થોમાં વિશેષે કરીને પોષક પદાર્થનો સમાવેશ થાયછે. પ્રાણવાળા કોઈ પણ પ્રાણીને પોષક પદાર્થ વગર બિલકુલ ચાલતું નથી એ પ્રત્યક્ષ પ્રમાણથી સાબીત થાય એવું છે. પોષક પદાર્થમાં દૂધ, ફળ, ફુલ, શાક તથા અન્નાદિક પદાર્થો ગણાયછે. દૂધ પદાર્થ તો પ્રથમથીજ દરેક પ્રાણીનું પોષણ કરનારો મનાયો છે. માંસાહારીને પણ જનમ્યા પછી પોતાની માનું દૂધ પીવું પડેછે. દૂધનો આવો અકળ મહિમા છે. દૂધ એક એવો તો સર્વોત્કૃષ્ટ પદાર્થ છે કે તે દરેક પ્રાણીને માફક આવે છે. ભેંસ અને બકરી કરતાં પણ ગાયનું દૂધ વધારે ઉત્તમ માન્યું છે, જેનું કારણ એમ છે કે એ દૂધમાં પોષણને વાસ્તે જેટલે દરજ્જેના પરમાણુઓ જોઈએ તેટલે દરજ્જેનાજ પરમાણુઓ કુદરત તરફથી મૂકાએલા છે; એટલે એ દૂધ અન્ય પ્રાણીઓના દૂધ કરતાં વધારે સેવન કરવા યોગ્ય છે. એટલુંજ નહિ, પરંતુ અન્ય પ્રાણીઓ કરતાં હિંદુસ્તાનના વતનીઓના લાભ માટે ગાય એ એક રીતે વધારે ઉપયોગી તથા અગત્યનું પ્રાણી મનાય છે. ધર્મશાસ્ત્રથી પણ ગાયને શ્રેષ્ટ માની છે તેનું કારણ પણ એવું છે કે **શ્રી જગદીશ્વરેજ** ગાયને ઉત્તમ પ્રાણી મનાવવા માટે તેનામાં અલભ્ય ગુણો મૂકેલા છે. ગાયનું દૂધ, રૂચિકર અને આરોગ્યતાને બક્ષનારૂં હોઇને બાળકથી માંડીને તે વૃદ્ધાવસ્થાએ પહોંચેલા બુઢ્ઢા આદમીને પણ માફક આવે એવું છે. ગાયનું છાણ, મૂત્ર તથા મુઆ પછીનું ચર્મ પણ કેટલું-

કામનું છે એ વાત સુજ્ઞથી અજાણી નથી.

આ સિવાય ગાયના પુત્રો કે જે બળદોના નામથી ઓળખાય છે, તેના બળની અને ગુણની તો આપણા આ દેશને એટલી બધી તો જરૂર છે કે તે આ સ્થળે દર્શાવવાની કશી અગત્ય હોય એમ હું માનતો નથી. એ બળદોના બળની તો હદજ નથી અને એટલા માટેજ એનું નામ બળદ (બળહદ) પડેલું છે. આ દેશના વતનીઓનો સર્વ આધાર જો ખરૂં કહેવા બેસું તો માત્ર ખેતીવાડી ઉપરજ રહેલો છે, અને ખેતીવાડીને ઉત્કૃષ્ટ સ્થિતિમાં લાવવી હોય તો જેના બળની હદ નથી એવા બળદોનીજ ખરી સહાયતા લેવી પડે છે. કેટલાક લોકો વિલાયતની પેઠે અહીંયા પણ સાંચાઓની મદદથીજ ખેતી કરવી ધારે છે, પરંતુ એ પ્રયોગની અજમાયશ આ દેશમાં જરા જેટલી પણ ફતેહમંદ ઉતરી નથી; એટલે બળદોની જરૂરયાતિ તો એની મેળેજ સાબીત થાય છે.

ઉપલા કારણોથી સિદ્ધ થાય છે કે ગાય એ આ દેશને માટે ઘણુંજ ઉપયોગી પ્રાણી છે, અને આપણા દેશના સુખનો આધાર ખંતથી જો ખોળવા બેસીએ તો તે માત્ર ગાયજ છે. આહ! એવી ઉપયોગી તેમજ ગરીબ ગાયનો આપણા દેશમાં ક્રૂરને હાથે બહુ મ્હોટે ભાગે વધ થાય છે! જો કે આ ન્હાનકડા પુસ્તકમાં કેટલી ગાયોનો વધ થાય છે તેનો વિસ્તારપૂર્વક આંકડો સ્થળ સંકોચને લઇને હું આપી શકતો નથી, તોપણ મારે કહેવું જોઇએ કે મુંબઈ પાસેના વાંદરા ગામના વધસ્થાન (સ્લોટર હાઉસ) માં દરરોજ સુમારે પાંચ ગાયોનો વધ થાય છે! આ ગાયો ઘણું કરીને ઘાટના મુલકમાંથી અથવા તો તે તરફ જે દેશમાં દુકાળ પડે છે તે દેશમાંથી આવે છે. સાધારણ સમજ શક્તિ ધરાવનાર પણ જોશે કે એ સંખ્યા કંઈ ઓછી નથી, કેમકે એ હિસાબે આખા હિંદુસ્તાનમાં કેટલી ગાયોનો

વધ થતો હશે એનો ખ્યાલ સહજ આવી શકે એમ છે.

હવે ત્યારે એવી રીતે ગાયોનો વધ ન થાય તેને માટે દરેક આર્યે તન, મન તથા ધનથી સહાયતા કરવી જોઇએ, એટલુંજ નહિ, પરંતુ શાણી સરકારના કાનપર પણ આ વાત બહુજ ઉત્સાહ ધરીને મ્હોટે અવાજે લાવવી ઘટે છે કે જેથી તે, ન્યાયપરાયણ હોવાથી આપણને વ્યાજબી હક્ક આપવાને સત્વર તૈયાર થઈ શકે. જ્યાં સુધી સરકારના મનપર એ વાત યથાર્થ ન આવે ત્યાં લગી આપણી ફરજ છે કે જેમ બને તેમ ક્રૂરના હાથમાં એક પણ ગાય જવા ન પામે એવી રીતે કુળમાં, જ્ઞાતિમાં, વતનમાં અથવા જ્યાં બની શકે ત્યાં યોજના ઘડી તે પ્રમાણે વર્તવું.

આ પુસ્તક રચવાનો હેતુ શો છે એ તો ઉપરના લખાણથી તેમજ હવે પછી જે કવિતાઓ તમે વાંચશો તેથી એનીમેળેજ વિદિત થશે એમ ધારી, બીજું કાંઇ પણ નહિ લખતાં હું છેવટે એટલુંજ લખી શકું છું કે, હાલ સમય **ગોરક્ષાના** સંબંધમાં ભગીરથ યત્ન થવા લાગ્યો છે. મુંબઈ, નાગપોર, હરદ્વાર, પુના, સુરત તથા ભાવનગરમાં **ગોરક્ષણી** સભાનું કામ યોગ્ય રીતે ચાલતું થયું છે, અને હજુ વધારે આશા છે કે આવી રીતે દરેક શેહેરમાં ગોરક્ષણી સભાઓ સ્થાપન થતી જશે. કેમકે ગોરક્ષણ એજ દેશ સુધારણાનું સબળ સાધન છે.

છેલ્લે મારે ઉપકાર સાથે કહેવું જોઇએ કે મુંબઈ ગોરક્ષણી સભાના એક ઉમંગી ગોરક્ષોપદેશક રા. રા. જીવરાજ જેઠાભાઈ કે જે અત્રે [અમદાવાદમાં] આવેલા હતા તેના ઉપદેશની અસરથી તથા તળ અમદાવાદના રહેવાસી પરીખ મણિલાલ રણછોડદાસની ઉત્સાહ ભરી ઉલટથી આ ન્હાનું પુસ્તક હું પ્રજાની સેવામાં મૂકી શકયો છું.

દુર્લભદાસ વિ. શ્યામજી ધ્રુવ.

મંગળાચરણ.

શાર્દૂલવિક્રીડિત.

આપો બુદ્ધિ **રસેશ** શ્રેય કરવા, **વિશ્વેશ** વ્હાલા ધણી;
જાણી સેવક દીન, નાથ મુજને, ચિત્તે ધરો માગણી;
નિશ્ચે જો સમજાય એમ સહુથી, ગોમાત છે શ્રીપ્રદા;
ગોની તો કરશે પ્રજા દિલ દઈ, સેવા વિશેષે સદા.

વાંચનાર પ્રત્યે અરજ.

દોહરો.

પોષક છે સૌ પ્રાણિના, મનુજ પ્રાણિ જગમાંય;
તેની પણ પાળક ગણો, ગરીબ માતા ગાય.
તન, મન, ધનથી શ્રમ કરો, આર્ય ધર્મ છે એજ;
ગોનું તો પાળન થશે, તનનું વધશે તેજ.

માલિની.

વિમળ પય તજીને, કોણ બીજી પ્રવાહી;
અતિ મતિ હર પીશે ! મદ્ય જેવી વિદાહી;
અધિક અધિક પ્રેમે, ગાયને પાળશો જો;
સુખદ વિજય માળા, કંઠ આરોપશો તો.

ગોરક્ષા શતક.

ગોપાળની પ્રાર્થના.

શાર્દૂલવિક્રીડિત.

છે ગોપાલક તેથિ સૌ મુખ થકી, **ગોપાલ** તુંને કહે;
કાં **ગોપાલ** કૃપાલ પાળ નહિ તું, ગો કષ્ટ તારી સહે.
આવો કોપ ખમાય કેમ તુજથી, તે હું ન જાણું જરા;
વ્હારે ધા કરજોડિ સર્વ વિનવે, **શ્રીનાથ વિશ્વંભરા.** ૧

ગાયના ગુણો.

ગોના દૂધ વિના અનેક જનની, કાયા થઈ કંપતી;
ગોના પુત્ર વિના ધરા નિરસ હા ! ક્યાં આવિ ર્‌હેશે હતી !
ગોના મૂત્ર વિના બને નહિ *રસો, ફિક્કાશ તેથી વધી;
ગોના છાણ વિના પવિત્ર વસુધા, દેખું નહીં હું બધી. ૨

કળિકાળનું બળ.

હા ! હા ! શું કળિકાળ આગ પ્રસર્યો, ગો કંઠ શી આ છરી !
જે છે દ્રવ્ય ખરૂંજ હિન્દ જનનું, તે જાય દૂટો હરી !
કેવો એ પરિતાપ ! કાળ વસમો, શું થાય શાતા જરી !
શાતા ક્યાંથિ લગાર હોય મનમાં, કેવી કમાણી કરી ! ૩

---

* વૈદક શાસ્ત્રના મત પ્રમાણે મંડૂર વગેરે કેટલીક ધાતુઓ ગાયના મૂત્ર વિના વધારે ગુણકારી બનતી નથી. ગાયનું મૂત્ર જાતેજ કેટલાક પાંડુતાના રોગોને હરેછે.

ગો રક્ષણીય છે.

દૂધવાળી દુખ ભંજની †સુરભિની, રક્ષા કરો સર્વદા;
કેવી ગાય ગરીબ છે જગતમાં, વ્હાલા વિચારો સદા;
સાચી વાત ‡સદૈવ ભ્રાત સમજી, આ બોલ ચિત્તે ધરો;
રક્ષા આપણિ જે કરે પય દઈ, તેનીજ રક્ષા કરો. ૪

ગાયના દૂધનો બદલો વળનાર નથી.

એમાં શું ઉપકાર યાર સમજો, આભાર શું આપથી!
આપે દૂધ સુધા સમાન સહુને, એ લાભ ઓછો નથી;
શું વાળી શકનાર કોઈ બદલો, ના, ના નહીં એ વળે;
રે! પ્રાણી ગુણવંત ગાય સરખું, શું એક લાખે મળે! ૫

—⊖⊖⊖—

પોષકનું પોષણ કરવુંજ જોઇએ.

મનહર.

પોષકની વ્હાર વ્હાલા કોઈ જો કરશો નહીં,
તો તમારી વ્હાર પછી કોણ કરનાર છે?
દોષ વાળું કામ છતાં દોષથી ડરશો નહીં.
તો પછી તમારા દોષ કોણ હરનાર છે?
દેશી થઈ દેશ દાઝ દિલમાં ધરશો નહીં,
તો પછી તમારી દાઝ કોણ ધરનાર છે?
દૂધ લઈ ગોનું પેટ ભાવથી ભરશો નહીં,
તો પછી તમારૂં પેટ કોણ ભરનાર છે? ૬

---

†ગાય ‡હમ્મેશાં.

સંપની જરૂર.

પામરની પેઠે પડી રહી શાને પુકારો છો ?
શું ધારો છો સુધારો ને વધારો આ દેશનો ?
શોખીલા બણીને ખાલી સભામાં શું પધારો છો?
ઉચારો છો વાણી પણ છાંટો ન આવેશનો.
શામાં રહ્યું દેશ હિત એકલા શું વિચારો છો!
અકારો દેખાય વેષ પ્રથમ પ્રવેશનો.
એકથી ન બને કામ સંપને શું વિસારો છો ?
સ્વીકારો ગો સેવા રાખી ભરોંસો **મહેશનો.** ૭

સોરઠા.

ગોધન નિત્ય અમૂલ્ય, અવર દ્રવ્ય શા કામનું ?
કરો ન મ્હોટી ભૂલ, સાચું ગોધન સાચવો. ૮
પ્રતિ ઘર એકજ ગાય, પળાય જો પુર પ્રેમથી;
રક્ષણ કેવું થાય ! ગરીબ તો એ ગાયનું. ૯

ક્રૂરકર્મ કરનારા પ્રત્યે ગાય કહે છે.

સવૈયા.

શું સમશેર ધરી કરમાં ધરમાં ધરગાં કર રંક પ્રમાણી;
શું અપરાધ થયો કહિ દે, ઉપજાવ ન બીક અનાચક જાણી;
શું ધુરકાવ બનું ભયભીત કિયાં ફરિયાદ કરૂં નહીં વાણી;
બાપુ દયા ધર ભાઈ ક્ષમા કર, માનિ મને સુખદાયક પ્રાણી. ૧૦
ક્રૂર ન થા અવિચારિ ન થા, પળ વાર તું ચિત્ત વિચાર કરી લે;

મારિ ન નાંખ જરા ભય રાખ, કુકર્મ કરી મરવું મુખ વીસે;
દુધથી પોષણુ થાય હજારનું તે અટકાવિ તું હાય નહીં લે;
સ્વારથમાં શું તણાય કર્યું નથી તુર્ત કહે કયું પાપ *મખીસે. ૧૧
પૂછી નથી શકનાર તને મન માન ન એમ તું માનિ સુરારી;
નક્કી તું જા સમજી નિજ અંતર છે પૂછનાર મહાન મુરારી.
શું ફળ પાપનું પ્રાપ્ત ન થાય ! જરૂર પમાય મહા દુખકારી;
માનવનો અવતાર ધરી અપકાર કરે શું ચડી અંધિયારી. ૧૨

ધનવાનોને સૂચના.

લાવણી.

ઓ ભાગ્યવાન **શ્રીમાન** ધરી લવ જ્ઞાન હવે તો જાગો,
નિજ દેશ તણા હિત માંહ્ય સઘ અનુરાગો—ટેક.
શું મિથ્યા કીર્તિ કાજ કરો પતરાજ ફરો શું ફૂલ્યા ?
રે ! પરંપરા આપણી આમ કાં ભૂલ્યા.— ૧૩
શું બણ્યા જ્ઞાતિમાં શેઠ વ્યર્થ એ વેઠ ન થાય સુધારો;
બની નિરંકુશિત મત અવળા કેમ ઉચારો — ૧૪
શું મચો મમતમાં આમ બગડશે કામ બનોમાં કાલા;
ડાહ્યા થઈને શું દ્વેષ વધારો વ્હાલા.— ૧૫
છે સંપ સદા સુખરૂપ રંકને ભૂપ બનાવી દે છે,
પણ વિનાસંપ ભૂપાળ ગરીબ બનેછે— ૧૬
છે સોના સરખો દેશ તેનો કાં વેષ કરો છો હલકો ?

---

* કંજુસ.

ઘટ અપૂર્ણ જેવો હોય તેમ શું છલકો ! ૧૭
છો આર્ય વંશના બાળ જીવ પ્રતિપાળ ધર્મ કાં ત્યાગો ?
નિત દેશતણા હિતમાંહ્ય સઘ અનુરાગો— ૧૮
છે સાચી જનની ગાય શ્રેષ્ઠ પય પાય માત્ર તૃણખાઈ,
તે મરે હિન્દમાં હાય ! બળી ચતુરાઈ— ૧૯
જ્યાં અસંખ્ય રૂષિયો સ્હાન કરી પયપાન રહી સંતોષે,
લખતા બહુ ગુણના ગ્રંથ કંપતા દોષે— ૨૦
તે ભૂમિમાંહ્ય શું હાય ! ગાય વધ થાય ક્રૂરને હાથે,
એ કેવી આપદા પડી આપણે માથે— ૨૧
રે ! ધિક્ક ધિક્ક છે શરમ ! બનો કાં નરમ ! યુક્તિ કંઈ શોધો,
ઘટ ઘટ ઉપદેશક વડે પ્રસિદ્ધ પ્રબોધો— ૨૨
જો અસ્ત કારણે ગાય વેચવા ચ્હાય તપાસો તેને,
ક્યાં વેચે છે એ ગાય પૂછવું એને— ૨૩
જો ખરો ખુલાસો થાય તોજ વેચાય નથી એ ખોટું,
પુણ્ય કાર્ય એજ છે આર્ય જગતમાં મ્હોટું— ૨૪
જો રજાવિના વ્યવહાર કરે તો બ્હાર જ્ઞાતિથી કરવો,
સુત સગો હોય પણ તોય પક્ષ નહિ ધરવો— ૨૫
આવો બહુ બંદોબસ્ત બની મદમસ્ત તમે જો કરશો,
અમૃત ફળ ચાખી તોજ અંતરે ઠરશો— ૨૬
શું ખરચો પૈસા વ્યર્થ સરે શું અર્થ વાદ્યને નાદે,
શું લિયો શક્તિ વણ રેચ પરાયે વાદે— ૨૭
બાંધે ચંદરવો કોણ થવા દુખ જોણ થઇને નાગો,
નિજ દેશ તણા હિતમાંહ્ય સઘ અનુરાગો— ૨૮

જે કરવાની છે ફરજ નહીં ત્યાં ગરજ મરજ આ કેવો !
મેં કદી ન જોયો ક્યાંય તમાસો એવો— ૨૯
શું હનોજ **હિંદુસ્તાન** ! હતું શું માન ! સોંઘવારી શી !
હા ! તનુજો તેના રડે મોંઘવારીથી— ૩૦
એ ગોધન ઘટવાથીજ વવાયાં બીજ મહા દુખદાઈ,
હજુ સમજો તોપણ ઠીક તજી હઠિલાઈ— ૩૧
બહુ વખત જાય બરબાદ ગોનિ ઓલાદ વધારો ભાઈ,
રે ! અબળ થતી એ જાય જુવો મનમાંઈ— ૩૨
એ થશે આમ જો અગળ આપણે સબળ પછી શું થઇશું;
ઘી દૂધ વિના વધુ અબળ થઇ હિજરઇશું— ૩૩
બસ ક્રમે કરીને જાય હીનતા થાય વિચારો વ્હાલા,
શું મુખ્ય કામ તજી ફરો ધરોધર ઠાલા— ૩૪
રે ! થાઓ હવે મજબૂત માઇના પૂત હિમ્મતે જીતો,
નર કાયર ખૂણે પડી રહે છે બીતો— ૩૫
ના જાય એક વધડામ ગાયનું નામ યોજના એવી,
ઘડશો તો કરશે સ્હાય દયાની દેવી— ૩૬
છે બહુ શાણી **સરકાર** ધરી ઉર પ્યાર મદદ કરવાની,
એ ખરી દલીલો તરફ લક્ષ ધરવાની— ૩૭
કરો અરજ **પ્રભુની પાસ** ધરી વિશ્વાસ **વિજયને** માગો,
નિજ દેશ તણા હિત માંહ્ય સદ્ય અનુરાગો— ૩૮

દયાજનક દેખાવ.

શિખરિણી.

અરેરે કેવો આ, જુલમ અસિધારે મચિ રહ્યો;

અરેરે શું જાશે, દુખદ, વધ **ગોનો** લવ સહ્યો;
ખરા **શ્રીમંતોની**, ભ્રમિત મતિ આવી કયમ થઈ!
ન જાણું જે એની, પુણ્ય લહર શેમાં શમિ ગઈ! ૩૯
રહ્યા જે આધારે, ખબર નહિ લે તે ધરધણી,
અરેરે કેવો એ, ગજબ ગુજરે છે પશુભણી;
કરે કયાંથી ખેતી! બલદપણ મોંઘા બહુ થયા,
પરાર્થે કે સ્વાર્થે, હજુ કયમ ન આવે દિલ દયા. ૪૦
ખરાબી એ મ્હોટી, તરત અટકાવો તન દઈ,
હવે ચેતી ચાલો, પરવશ બનો કાં હદ થઈ!
અહો! **શ્રદ્ધા** સાચી, નિજ -હૃદયમાં જો કંઇ હશે,
દયાની તો **દેવી**, મદદ કરવા હાજર થશે. ૪૧
રહેવાની લજ્જા, હજુ અધિક **ગો** રક્ષણ થતાં,
મરે છે હા! બાળો, નરમ બનવાથી પય જતાં;
વહાલા **શ્રીમંતો**, અમિત ધનનો સંગ્રહ કરી,
બચાવો ગાયોને, ઝટ સજ થઇ આગ્રહ ધરી. ૪૨
કરો પાછી પાની, કુલિન ધરમાં શું અવતરી?
તમારાથી સારા, અવર—નમળે સંશય જરી;
કહેવાશો **આર્યો**, પણ પરમ **કાર્યો** નહિ કરો,
પછી **આર્યોનું** શું, અનુચિત કરી, માનજ ધરો! ૪૩

દેશની દુર્દશા અને ફરજ.

લાવણી—ગોપીચંદ લડકા—એરાહ.

રે! શી હીન દશા આ, ગાય તણો વધ થાય ક્રૂરના હાથથી—ટેક.

ગળું ગાયનું કપાય છે એ, કદી ન સમજો એમ;
કપાય છે એ ગળું આપણું, બનો ન સાવધ કેમ—રે ! શી. ૪૪
ત્રીસ વર્ષ પહેલાં જે વસ્તુ, એક રૂપૈયે યાર;
મળતી'તી તે ખરીદ કરતાં, હમણાં બેસે ચાર—રે ! શી. ૪૫
ખચીત કારણ ગૌ વધ એનું, અવર ન માનો એક;
સંપ કરી ગોવધ અટકાવો, તજો ન આર્ય વિવેક—રે! શી. ૪૬
બની પ્રમાણિકને ઉત્સાહી, કરો ફંડ તૈયાર;
ગામ દીઠ ગોશાળા બાંધો, પાળો ગાય અપાર—રે ! શી. ૪૭
ગોચર માટે ખરીદ કરવી, રસકસ યુક્ત જમીન;
એમ થવાથી અસંખ્ય ગાયો, થશે ન મરણાધીન—રે! શી. ૪૮
બાળ હતા ત્યારે એ તમને, ઉછેરતી પયપાઈ;
કૃતઘ્ન આવા હવે થવું શું, પય માખણ ઘી ખાઈ—રે ! શી. ૪૯
ધિક્ક ધિક્ક છે બુદ્ધિ તમારી, ચડે ન પાનો હાય!
કસાઈથી પણ નીચ બનો શું, ગાય રૂપ ધન જાય—રે! શી. ૫૦
ગોહિંસા જો થાય નહીં તો, પડે નહીં દુષ્કાળ;
ખેડ ખાતરે ખચીત પાછી, ધરતી થાય રસાળ—રે! શી. ૫૧
ગાન તાનમાં પૈસા ખરચી, મિથ્યા માનો મોજ;
ખરી મોજ છે ગૌ રક્ષણમાં, મલાઈ ખાશો રોજ—રે! શી. ૫૨
નાચ તમાસા ઘડી એકના, નિજ મન કરશો ખ્યાલ;
ગોવર્ધન માટે ધન ખરચો, દિલમાં થાઓ દયાળ—રે! શી. ૫૩
હાય! કલેજું કેમ ન કંપે, દેશ બન્યો બળહીન;
ગરીબ રઝળે ભૂખ મરાથી, શાના શેઠ કુલીન—રે ! શી. ૫૪
ઉત્તમ ખેતી પ્રથમ ગણાતી, હાય અધમ થઈ હાલ;

ખેડુત પણ પોકાર કરેછે, નથી દેખતા માલ—રે ! શી. ૫૫
હિંદ જનેતા ગૌ ગુણવંતી, નજર કરો નર નાર;
પ્રાત થકી પાળો પોષકને, સૌ એથી પળનાર—રે ! શી. ૫૬
ગાય ભેંસના પુત્ર પ્રતાપી, છે જગમાં જાહેર;
બલદ નામ પણ બલહદ તેને, કંડે શી સમશેર ! રે ! શી. ૫૭
અનાજ રૂ ઉત્પાદક બલદો, મરે થઇને દીન;
શરમ શરમ છે અધર્મ એ શું કેવું કામ મલીન—રે ! શી. ૫૮
સમજે કારણ પણ નથી કરતા, ઉપાય મારા વીર;
સ્વદેશનું અભિમાન ગયું કે, અયોગ્ય આવી ધીર—રે! શી. ૫૯
વાંક તમારો નથી અવરનો, ચેતો ચતુર સુજાણ;
નહીં ચેતો તો તુરત વાગશે, કર્મ ફળોનાં બાણ—રે ! શી. ૬૦
અકાળ મૃત્યુ થાય ગાયના એ શું ઓછો શોક;
પોષણ કરનારીને પોષો, અહો ! હિંદના લોક—રે ! શી. ૬૧
હો ! **પારસી મુસલમાન** હો ! અરજ ધરો આ કાન;
વતન એક છે હિંદ આપણું, એકજ **નાવ સુકાન**—રે! શી. ૬૨
હિંદ ભૂમિ છે વહાણ મજેનું, સુકાન રૂપી ગાય;
થઇ ખલાસી ચલાવશો તો, સહજ પાર ઉતરાય—રે! શી. ૬૩
દુર્લભ દૈવત ગાય **હિંદનું, અર્થશાસ્ત્ર** અનુસાર;
સાચવવા જો શ્રમ કરશો તો, ફળ રૂડાં મળનાર—રે ! શી. ૬૪

ગોપાળન માટે રખાતી બેદરકારી—અયોગ્ય વર્તન.

ગીતિ.

સ્વદેશનું સારૂં જો, કરશો તો નિજ જન્મ સફલ થાશે;
છે સારાનું સારૂં, શોધ કરંતા રહસ્ય સમજાશે—૬૫


પાપ કરીને કોણે, સુખાનુભવની લતા સદા સેવી;
જુઓ વિચારી વ્હાલા, મળે નિશાની કયે સ્થળે એવી—૬૬
આતો પોષણ સૌનું, સ્વાર્થ સર્વનો સદૈવ છે સરખો;
એમ છતાં શા માટે, ગાય ભેંસનું મૂલ્ય નહીં પરખો—૬૭
પય ઘી મલાઇ માવો, પદાર્થ પૌષ્ટિક પિયૂષ સમ સ્વાદી;
તેનો ત્યાગ કરીને, ખટાઈ મરચે ખુશી વૃથાવાદી—૬૮
તનુ નિસ્તેજ થયા પણ, તુચ્છ વસ્તુ જન તુચ્છ નહીં ત્યાગે;
મમત એમ શું મૂકે, જુવો મકોડો કદાચ કટિ ભાંગે ! ૬૯
ખરચ કરે છે ખોટા, અણખપની પણ ચીજ ખરીદે છે;
મસ્ત બની માનાર્થે, અગણિત પૈસા ખરાબ કરિ દે છે—૭૦
શ્વાન વાંદરાં પાળે, પુષ્ટ કરે પયપાઈ ધનવાનો;
પણ પય દાતા ગોને, નથી પાળતા અનેક શ્રીમાનો—૭૧
શું અવળા ગ્રહ બેઠા, ફરી ગયું શું ધની તણું માથું;
લિયે ટંકનું ભાથું, પણ પરલોકનું લિયે નહીં ભાથું—૭૨
લાડી વાડી ગાડી, માત્ર મંત્ર ત્રણ ભણ્યાજ ધનવાનો;
છે એ ચળ કે નિશ્ચળ ? ખરો ખુલાસો કોણ કરે આનો ! ૭૩
પાંચ આંગળી સરખી, ન હોય એ તો તમામ સમજો છો;
હશે ઘણા ગુણવાનો, શ્રીમાન મંડળમાંય—પિછાણોછો—૭૪

દોહરા.

‡ પાંડે સરખા પારસી, મુંબઇમાં પ્રખ્યાત;

‡ શેઠ બેહેરામજી દીનશાહજી પાંડે મુંબઈ વાળા—વેજીટેરીયન મંડળી ના સ્થાપક.

જૈન ધર્મના શેઠ પણ, હજી ઘણા હૈયાત—૭૫
વડી વીરતા જે તણી, વ્યાપારે વખણાય;
ભડ એવા તે ભાટિયા, પુણ્યમાં બહુ પંકાય—૭૬
ગોકુળ સુત * દામોદરે, રાખ્યું નિશ્ચળ નામ;
ભલે ભાટિયા જ્ઞાતિમાં, જન્મ ધર્યો અભિરામ—૭૭
મુસલમાનમાં પણ ઘણાં, ગોરક્ષાને ન્હાય;
જે કરશે તે પામશે, એ કહેવત ઉચ્ચરાય—૭૮
ઉત્તર હિંદુસ્તાનમાં, પૂર્ણ પ્રયત્નો થાય;
તેમ મરાઠા દક્ષિણી, પાળે છે બહુ ગાય—૭૯



લલિતવૃત્ત

ગરિબ ગાયને રે! નિભાવવા, શ્રમ કરો સદા શ્રેય પામવા;
ઉચિત કામ છે એજ આપણું, પુણ્ય થશે વળી સર્વને ઘણું—૮૦
નિરખિ લ્યો તમે ગાયની છબી, પરમ પ્રેમની કેવી છે ખુબી!
સમજ છે બધી રાગ દ્વેષની, પણ ન પ્રેરતી વૃત્તિ ક્લેશની. ૮૧
ધરતિ પ્રેમને વૈર ત્યાગતી, જગતમાત એ શું પ્રકાશતી!

---

* શેઠ દામોદર ગોકુળદાસ મુંબઈ વાળા--મુંબઈ ગોરક્ષણી સભાના ઓનરરી સેક્રેટરી તથા ગોકુળ ગોશાળાના સ્થાપક.

સુત ગણી દિયે દૂધ સર્વને, પટવતી પછી બાળ +વત્સને—૮૨
જીભ થકી અહા ! વત્સ ચાટતી, અધિક નમ્ર છે એનિ આકૃતિ;
સમજ આપતી કેમ હોય શું ! ધિરજ વત્સને આપિ ‡ સ્હોય શું !
ગુણવતી ઘણી માત ગાય છે, મનુજ આર્યની એજ માય છે;
સબળ પ્રેમથી સેવના કરો, ખડ કપાસિયા ખોળ વાવરો— ૮૪
દસગણો થશે લાભ દૂધનો, સમજુ હિંદુઓ સુસ્ત શું બનો ?
પ્રભુ પ્રસન્ન તો થાય છે વળી, દુખ બધું જશે સર્વથા ટળી— ૮૫
જીવ દયારૂપી શ્રેષ્ટ કાર્યનો, મહત ધર્મ છે જૈન-આર્યનો;
સકળ શાસ્ત્રને ચાર વેદમાં, સ્તુતિ કરી ઘણી સાથ સૂત્રમાં— ૮૬
સકળ લાભછે ગાય રક્ષણે, સુખિ થશું સદા આર્ય આપણે;
ધન ખરૂં અહો ! એક ગાય છે, સુખનું મૂળતો એ જણાય છે- ૮૭
અનુપયોગનું એક તો કહો, સફળ ગાય છે દુઃખ શું સહો ?
પરમ પ્રેમથી ગાય પાળવી, નથી ભલામણો આજ એ નવી— ૮૮

નિરાધાર ગાયોની શોકજનક સ્થિતિ.

લાવણી.

જોડી તમે ના જોઈ માડી—એ રાહની.

ગાય હા ! કિયાં હવે રહેશે, ગાય હા ! કિયાં હવે રહેશે;
અસહ્ય કષ્ટ પણ ન મળે વાચા, દુઃખ કયાં જઈ કહેશે—ટેક.
ગાયને ભૂખ તરસ લાગે, ગાયને ભૂખ તરસ લાગે;
મટાડવા દુખ નિરાધાર ઝટ, જંગલમાં ભાગે— ૮૯
નહીં ત્યાં ચારો કંઈ સારો, નહીં ત્યાં ચારો કંઈ સારો;

+વાછરડાં. ‡શોભે.

પી પાણી ભટકે જંગલમાં, નિરાશ થઈ પારો— ૯૦
ચડે જો ઢેડ તણી નજરે, ચડે જો ઢેડ તણી નજરે;
માત્ર ચર્મને કાજ ક્રૂર તે, વિખથી પ્રાણ હરે— ૯૧
કહું શું કંજુસની કહાણી, કહું શું કંજુસની કહાણી;
કસાઇ વાડે તે જઈ વેચે, ચોરી જાય પ્રાણી— ૯૨
કૃતઘ્ની કેવા એ કહિયે, કૃતઘ્ની કેવા એ કહિયે !
માણુસાઇના લક્ષણ ન મળે, શું સંકટ સહિયે !— ૯૩
ઘણા જણ ગોવાળો સાથે, ઘણા જણ ગોવાળો સાથે;
ગાય મોકલે ખડ ખાવા દુખ, એક ધરે માથે. ૯૪
કદાપી પડે ગાય છૂટી, કદાપી પડે ગાય છૂટી;
ખચીત સમજો કે આવરદા તેની તો ખૂટી— ૯૫
કદી જો ચરાવવા આપી, કદી જો ચરાવવા આપી;
*એમાં પણ બહુ દગો થાયછે, ઓળવશે પાપી— ૯૬
કુશળ જો ઘેર ગાય આવે, કુશળ જો ઘેર ગાય આવે;
છે ભૂખી કે તરસી એ શી રીતે સમજાવે ! ૯૭
આપણે સૌ રક્ષક એના, આપણે સૌ રક્ષક એના;
છતાં આમ હા ! અકાળ મોતે, ભોગ મળે શેના ? ૯૮
દુષ્ટ દિલ દયા હોય શાની, દુષ્ટ દિલ દયા હોય શાની ?
દયા હોય તો કરેજ શાને આવી નાદાની ? ૯૯

---

* કેટલાક ધરધણી અમુક મુદત સુધી અમુક રકમ ઠરાવીને ચરાવવા માટે વિયાય ત્યાં સુધી ગોવાળને પોતાની ગાય આપેછે. તેમાંના કેટલાક ગોવાળો ગાયને વેચેછે, અને ધરવાળાને કહેછે કે તેતો મરી ગઈ!

ં એ પ્રાણી, અવાચક કેનું એ પ્રાણી;
ન કરશો પાળન નિરાધાર જાણી— ૧૦૦
કેમ કરી પામે, ગાય સુખ કેમ કરી પામે;
રશો નિશદિન એનો જશ જેથી જામે— ૧૦૧

ગોરક્ષોપદેશક.

પદ ૧ લું

સારે શજા પીંજરા નહીં તેરા—એ રાહનું.

વ્હાલા, ગાય તણી હવે વ્હારે—
પ લોક સંહારેરે—દોડોરે વ્હાલા.
ન જાય નહીં એ,
એ ક્યારેરે— દોડોરે વ્હાલા.
છે ગુણવંતી,
ચારેરે— દોડોરે વ્હાલા.
ખરીદી,
દોડોરે વ્હાલા.

દોડોરે વ્હાલા.

..ના ભાષામાં)

..રકા કામ—ટેક.

હે ગોપાલકા, સમજ સદા સુખધામ. છોડો.
... અબલ કયીં હોત તમામ. છોડો.

આમિષ ભોજન નહિં હૈ અપના, બર્જયે ÷મધકે *જામ.
હૈ ગો જીવન ‡શ્રી ભારતકી, કરત સબ એશારામ.
દુર્લભ કિંકર બનજા ગઉકે, કરનહાર શુભ રામ.

વાંચનારને છેલ્લી અરજ.

સવૈયો.

વાંચિ વિચાર કરો નરનાર પુરો ધરિ પ્યાર વિસારિ વિકા
ગો ધન જાય હસાય રમાય શું ગો તણું પાળન સર્વ રિ
છે ભવતારક મંત્ર મહાન વળી સુખકારક તંત્ર તમારો,
ગાય તણો ગણિ વંશ †સુરંશ સચેત બની હવે વધ વધ

÷દારૂ. *પ્યાલા. ‡શોભા, લક્ષ્મી, સુખ. †દેવ

જાહેર ખબર.

સર્વ સજ્જનો પ્રત્યે નીચેસહી કરનાર
કે અમદાવાદ ગૌરક્ષણી સભા તરફથી
પુસ્તકો તથા છબીઓ રોકડી કિ

માણેકજી.

સેક્રેટરી ગારક્ષ